**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૨૪ ટકા

# લોકડાઉનમાં ખીલી સર્જનાત્મક શકિત

**કોરોના વાયરસને સમગ્ર વિશ્વ લડત આપી રહ્યું છે. જેને અનુલક્ષીને નરેન્દ્ર મોદીજી દ્વારા ભારત દેશના નાગરિકોને ૨૧ દિવસીય લોકડાઉન પાળવાના આદેશનું પાલન દેશ સાથે સમગ્ર શહેરીજનો પણ કરી રહ્યા છે. આ ૨૧ દિવસમાંથી લગભગ દસેક દિવસ તો હાલ પસાર થઈ ગયા છે ત્યારે, નગર સ્થિત વિવિધ ક્ષેત્ર સાથે સંકળાયેલા નગરજનો તેમનો આ લોકડાઉનનો સમય કેવી રીતે પસાર કરે છે તે જાણીએ....**

**● ડો.ચેતના બુચ (પ્રિન્સિપાલ)**

આ લૉકડાઉનના દિવસો દરમિયાન ચૈત્રી નવરાત્રી આવતી હોવાથી રોજ સવારે વહેલા ઉઠી અનુષ્ઠાન કરું છું ત્રણ કલાક સેવા પૂજા કરવાનો સવારનો ટાઈમ મને આ દિવસોમાં મળી રહ્યો છે. આ ઉપરાંત એક શિક્ષક તરીકે અને સી.એમ હાઈસ્કૂલની પ્રિન્સીપાલ તરીકેની ફરજ મુજબ શાળાના તમામ ધોરણના વિદ્યાર્થીઓ અને



શિક્ષકોને સાંકળી ઓનલાઈન સ્ટડી કરાવવામાં મદદ કરી રહી છું. જ્યોતિ મહિલા મંડળ ની પ્રમુખ તરીકે બહેનોને ઉદભવતા પ્રશ્નો અને ઉકેલ લાવવાનો પ્રયત્ન કરું છું તથા દેશની નાગરિક તરીકે શહેરમાં આ કટોકટીના સમયે બને તેટલી સહાય કરવાનો પ્રયત્ન કરું છું.

આ ઉપરાંત યોગ અને પ્રાણાયામ કરીને સ્વાસ્થ્ય પ્રત્યે ધ્યાન આપી રહી છું સાથે વિસરતી વાનગીઓ બનાવવાની સાથે મિત્ર વર્તુળમાં દરેકની આ વાનગીઓ બનાવવા માટે પ્રેરણા પણ આપું છું.

**● જય ઓઝા (સંસ્કૃત પ્રોફેસર)**



એક પ્રોફેસર હોવાથી અને તેમાં પણ સંસ્કૃતના પ્રોફેસર હોવાથી પુરાના સંસ્કૃત ભાષાના ગ્રંથમાં આપેલા સ્વાસ્થ્ય સંબંધિત ઉપાયોનું વાંચન કરી તેનું મહત્વ સમજી લોકડાઉન બાદ બને ત્યાં સુધી નગરજનોને આ માહિતી પહોંચાડીશ તે નિશ્ચયથી સંસ્કૃતના ગ્રંથોનું વાંચન કરું છું. આ ઉપરાંત સવાર-સાંજ પરિવાર સાથે હું યજ્ઞ કરું છું અને કોરોના જેવા રોગમાંથી સમગ્ર વિશ્વને મુક્તિ મળે તેની પ્રાર્થના કરું છું. ઉપાધિને સમાજમાં ફેરવવી હોય તો આ લોકડાઉન સારો અવસર છે

**● જનક ઠક્કર (એક્ટર)**

લૉકડાઉનનો સમય મારા માટે મહત્વનો બની રહ્યો છે આમ તો દિવસ દરમિયાન ભારે કામ રહેતું હોવાને કારણે મારા એક વર્ષના બાળકને પૂરતો સમય આપી શકતો નથી પરંતુ આ દિવસોમાં હું મારા બાળક સાથે દરેક મૂવમેન્ટ એન્જોય કરું છું તથા મારા પરિવાર સાથે પૂરતો સમય પસાર કરું છું. આ ઉપરાંત ઘરે બેઠા સોશિયલ મીડિયાના માધ્યમથી કોરોના સામે અડગ રહેવાં તથા જરૂરી બાબતોની કાળજી લેવા સંબંધિત મેસેજ પહોંચાડું છું. ચૈત્રી નવરાત્રી ચાલતી હોવાને



કારણે ઘરે હવન કરી કોરોના નાબૂદ થાય તેવી પ્રાર્થના પણ ભગવાનને કરી હતી.

**● પિનાકીન વ્યાસ( સંગીતકાર)**

ચૈત્રી નવરાત્રી ચાલતી હોવાને કારણે નવદુર્ગાની ઉપાસના કરું



છું. શ્રી અરવિંદ જીના સાહિત્યનું વાંચન કરું છું આ ઉપરાંત મારા તમામ પુસ્તકો ને ક્રમ વાઇઝ ગોઠવું છું અને વાંચનને એન્જોય કરું છું.

**● વિપુલ સુખડિયા (વેપારી)-રાધે સ્વીટસ**

રાધે સ્વીટસની દરેક મીઠાઈ અને નમકીન આ દસ દિવસ દરમિયાન સમગ્ર શહેરના જરૂરિયાત મંદોને દાન કરી દિવસ




દરમિયાન બાળકો સાથે ઈન્ડોર ગેમ રમી મોબાઈલમાં નવી નવી એપ્લિકેશન વિશે સમજ મેળવું છું. ઉપરાંત જરૂર પડે ત્યારે જરૂરિયાતમંદોને મદદ અર્થે પહોંચી જાવ છું.

**● કેદાર ઉપાધ્યાય(આયુર્વેદિક ડોક્ટર અને સંગીતકાર)**



લૉકડાઉનનો આ સમય મારા માટે ગોલ્ડન છે. મારા સંગીતના પેન્ડીંગ પ્રોજેક્ટ પુરા કરી રહ્યો છું. સાથે નવુ મ્યુઝિક કમ્પોઝ કરી રહ્યો છું. આ ઉપરાંત લૉકડાઉનના સમયમાં આ બે કલાક આયુર્વેદિક ડોક્ટર તરીકેની ફરજ બજાવું છું. ઘરે રહીને સ્પિરિચ્યુઅલ પુસ્તકો વાંચું છું. સંગીત સાંભળું છું. મિત્રો સાથે સોશીયલ મીડિયાના માધ્યમથી વરચયુઅલ મીટીંગ કરું છું. મારા બાળકો સાથે ક્વોલિટી ટાઈમ સ્પેન્ડ કરું છું. જોઈન્ટ ફેમિલીમાં રહું છું જેથી બધા મળીને ઈન્ડોર ગેમ્સ અને મૂવીનો આનંદ માણીએ છીએ.

**● ભાવિન પટેલ( કલાકાર)**

મિલનસાર દાના જવલ્લે મળે છે;
મનુષ્યો મઝાના જવલ્લે મળે છે.
હમેશા તો ક્યાંથી મુલાકાત થાયે;
નવા નિત બહાના જવલ્લે મળે છે.

જવલ્લે જ મળી શકે તેવા ૨૧ દિવસનો આ સમય આપણને દુનિયાથી આઝાદ અને અંદરથી આબાદ કરનારો છે. ખુદમાં ખોવાઈ અને ખુદને જડી જવાનો સમય છે આ.. આપણા યશસ્વી અને દીર્ઘ



દૃષ્ટા વડાપ્રધાનશ્રી દ્વારા લેવામાં આવેલ લોક-ડાઉનના નિર્ણયને અમારા પુરા પરિવારે આવકાર્યો અને ઘરમાં જ રહી કાર્ય કરવાનો નિશ્ચય કર્યો છે. આ સમય દરમ્યાન સવારે દૈનિક ક્રિયાઓ અને પૂજા – પાઠ પૂર્ણ કરી પુરા પરિવાર સાથે ‘રામાયણ’ સીરીયલ નિહાળવાનું થાય છે. ભારતીય સંસ્કૃતિ અને જીવન મૂલ્યોને ઉજાગર કરવાની આનાથી બીજી મોટી તક કઈ હોઈ શકે? રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા કોરોનાને નાથવા માટે જે પગલા લેવાય છે તે સમાચાર સ્વરૂપે જોઉં છું અને આ દેશના સૌ સેવા કર્મીઓને મનોમન વંદન કરું છું. બપોર પછી સોશિયલ મીડિયા કે પછી વીડિઓ કોલ કરી સ્નેહીજનોના ખબર-અંતર પૂછવાનું થાય છે. અત્યાર સુધી લાગતું કે સંબંધોમાં જીવન છે પણ હવે સમજાય છે કે સંબધો જ જીવન છે. આ મહામારીના સમયે ગુજરાતના કેટલાક કલાકાર મિત્રો દ્વારા શરૂ કરેલ સેવા યજ્ઞ, કલાકારોને જીવન જરૂરી વસ્તુઓની કીટ આપવાના અભિયાનમાં ગાંધીનગર જીલ્લાની સેવા કરવાનું સદભાગ્ય મને મળ્યું છે ત્યારે ગાંધીનગર અને આજુ બાજુના ગામના કલાકારોને આ કીટ અર્પણ કરવાનું થાય છે. કાયમ શરદી રહેતી હોવાથી સ્વાસ્થ્ય વિષયક ઉપચારો ઘેર બેઠા કરું છું. ચાલુ દિવસોમાં વ્યસ્તતામાં રસમસ્ત હોઉં છું ત્યારે હાલ બાળકો સાથે ગેમ રમતા-રમતા મારી અંદર રહેલ બાળક જીવંત થઈ જાય છે. મારા ક્ષેત્રમાં ચિંતન કરવાનો આ અમૂલ્ય સમય છે ત્યારે પ્રાચીન ગરબામાં ગુજરાતની જુદી જુદી કોમ- પરંપરાના ગરબા ઉપર સંશોધન કરી રહ્યો છું. આ ચિંતન મને નવોન્મેષ તરફ લઈ જાય છે. આ સાથે ગુજરાતના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને ગુજરાત સરકારની ઘરે રહેવાની, કોરોના માટે તકેદારીની અપીલ સોશિયલ મીડિયા થી મિત્રો /સમાજ સુધી પહોચાડું છું. ટૂંકમાં આ ૨૧ દિવસ આપણી જાતને નજીકથી જાણવાના, માણવાના અને નવીનતાથી શણગારવાના દિવસો છે.

**● મૌલિક નાયક (એક્ટર)**

આ લૉકડાઉનના સમયમાં હું ઘરનું કામ પાર્ટ ઓફ એક્સરસાઈઝ તરીકે કરું છું. તબલા વગાડવાની પ્રેક્ટિસ કરું છું. મારી ઍક્ટિંગ સ્કિનને ડેવલપ કરું છું. પુસ્તક વાંચું છું રેડિયોના



રેકૉર્ડિંગસ કરું છું. રાઈટીંગ સ્કીલ સુધારવાનો પ્રયત્ન કરું છું. દરરોજ સાંજે મારા કુંડાના છોડને તો પાણી આપુ છું પરંતુ મારી ઘરની આસપાસના વૃક્ષોને પણ પાણી પીવડાવું છું. મારા મતે આ દિવસોમાં પ્રદૂષણ નહિવત્ હોવાના કારણે આ સમય પ્રકૃતિને રીફ્રેશમેન્ટ આપવાનો છે. વૃક્ષો વાતાવરણને લડત આપે છે જેમ આપણે પ્રાણી તથા ભુખ્યાને ભોજન કરાવીએ છીએ તેમ વૃક્ષોને પણ મદદ કરી જ શકીએ. ટૂંકમાં રૂટિન લાઈફમાં હું જે બાબતો ધ્યાન આપીને નહોતો કરી શકતો તે હું આ લૉકડાઉનના દિવસો દરમિયાન કરી રહ્યો છું.

**● ડો. ગૌરાંગ થાનકી (મનોચિકીત્સક)**

આ લોકડાઉનના દિવસોમાં હું દરરોજ સવારે ઘરમાં જ



એક્સરસાઈઝ કરું છું. ક્લિનિકમાં નવરાશના સમયે ગાર્ડનિંગ કરું છું. સમયની વ્યસ્તતાને કારણે પહેલા સનસેટ જોવા જ નહોતો મળતો પરંતુ આ દિવસોમાં દરરોજ સનસેટ જોઈ શકું છું. પરિવાર સાથે ઈનડોર ગેમ રમું છું સાથે નાનપણના સંસ્મરણોને તાજા કરું છું. પેન્ડિંગ કામને પૂરા કરવાના પ્રયત્ન કરું છું. વ્યસ્તતાના સમયની સામે આ લોકડાઉનના દિવસોમાં વધુ સમય સુધી વાંચન કરી રહ્યો છું.

# કોરોનાની કટોકટીમાં કેમેરાની ‘કિલક’..!!

**સંકલન : સમીર રામી**

## રસ્તામાં પંકચર પડશે તો લૉકડાઉનમાં કોઈ વ્હારે નહીં આવે...!!!

કોરોના વાઈરસ સંક્રમણને પાળવા લાગુ પાડવામાં આવેલા લૉકડાઉનને પગલે શહરમાં સુનકાર



વ્યાપ્યો છે અત્યારે એવી સ્થિતિ છે કે જો તમને માર્ગ પર અકસ્માત થાય કે તમે કઈ અન્ય મુશ્કેલીમાં મુકાવ તો તાત્કાલિક કોઈ મદદ મળવી પણ અઘરી પડી જાય. આવી જ સ્થિતિ ઘ-૨ સર્કલ નજીકમાં એક કારચાલકની કારને પંકચર પડતા પેદા થઈ હતી. જો કે તેના સદનસીબે થોડેક નજીકમાં જ એક પંકચર રીપેરીંગ કરનાર મળી ગયો જેથી તેને વધારે પરેશાનીના ભોગ બનવું પડયું નહી, પરંતુ લૉકડાઉનનો ભંગ કરી પોતાનું વાહન લઈને નીકળી પડતાં પહેલા વિચાર કરી લેજો કે તમે રસ્તામાં કયાંક અટવાઈ ના જાવ....!!

## ‘ડયુટી’ નિભાવી ઘરે પરત ફરી રહેલ પોલીસકર્મી...!!

જનતા કરફર્યુ દરમિયાન દેશના નાગરિકોએ કોરોના કટોકટીમાં જીવના જોખમે સેવા આપનારા



કર્મયોગીઓને થાળી અને તાળી વગાડીને તેમનો આભાર માનવા સાથે તેમનું અભિવાદન પણ કર્યું હતું. જનતા કરફર્યુ તો શરૂઆત હતી, જયારે ખરી કસોટી તો હવે છે અને આ કપરી સ્થિતિમાંએ કર્મયોગીઓ હજુ પણ તેમની ફરજ નિષ્ઠાથી બજાવી રહ્યા છે, એ પણ લેશમાત્ર અણગમા વગર જ...!! ગાંધીનગરમાં આ રીતે ફરજ બજાવી પોતાની ડયુટી પુરી થતાં ઘરે જવા નીકળેલ આ પોલીસ કર્મી પથિકાશ્રમ સર્કલ કોઈ વાહન મળી જાય તેની રાહ જોતો ઉભો હતો ત્યારે પણ તેના ચહેરાં પર લેશમાત્ર કંટાળો નહોતો, અને એ જ તો આપણી ખરી તાકાત છે.



કોરોનાના પગલે આજે રામનવમી નિમિત્તે જય યોગશ્વર કોમ્પ્લેક્ષ, કુડાસણ પાટીયા, ગાંધીનગર ખાતે સોસાયટીના રામજી મંદિરમાં આરતી સમયે સોશ્યલ ડિસ્ટન્સિંગનું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું હતું.

## સે-૨૦ ખાતેથી જાહેરનામા ભંગ બદલ ચાર સામે ગુનો નોંધાયો

કોરોના વાયરસના કહેરને પગલે ભારતભરમાં લોકડાઉન છે ત્યારે તેની કડક અમલવારી માટે બિનજરુરી રીતે આંટાફેરા મારતા નાગરીકો સામે પોલીસ ગુનો નોંધી ઘટતી કાર્યવાહી કરી રહી છે. ગાંધીનગર તાલુકાના વલાદ ગામે પોલીસે ડ્રોન કેમેરાથી સર્વેલન્સની કામગીરી હાથ ધરી હતી. જેમાં ગામના પટેલ વાસમાં રહેતા ભરતભાઈ કાંતિભાઈ પટેલ, બિદ્રેશ મનભાઈ પટેલ, રૂપેશ દશરથભાઈ પ્રજાપતિ એકઠા થઈને બેઠેલા પકડાઈ ગયા હતા. જેથી ડભોડા પોલીસે જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો છે. જયારે બીજીબાજુ સેકટર-૨૦ પોલીસ પેટ્રોલીંગ દરમિયાન ચિલ્ડ્રન યુનિવર્સિટી પાસેથી પ્રતાપભાઈ બાબુભાઈ દેવીપુજક, રોહિત રાજુભાઈ દેવીપુજક ઝડપાયા હતા. જયારે સેકટર-૨૦ સુવિધા કચેરી પાસેથી કાના શંકરજી માજીરાણા, અને ડાહ્યાજી સાલાજી માજીરાણા પકડાયા હતા. આ ચાર શખ્સો સામે પોલીસે જાહેરનામાં ભંગનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દિવ્ય સંસ્કારના વસાહતીઓની ભોજન-સેવા





સરગાસણ ચાર રસ્તા નજીકની દિવ્ય સંસ્કાર સોસાયટીના વસાહતીઓ દ્વારા તા. ૩૧મી માર્ચથી સવાર-સાંજ બંને ટાઈમ ૨૦૦-૨૦૦ વ્યક્તિઓ માટે ભોજન તૈયાર કરીને તેને સેક્ટર-૧૩ના છાપરાં વિસ્તાર તથા આશ્કા હોસ્પિટલ સામેની લેબર કોલોનીમાં ભૂખ્યાં જરૂરિયાતમંદ પરિવારોને પીરસવામાં આવી રહ્યું છે. આ ભોજન સેવા ૨૦ દિવસના લોકડાઉનના છેલ્લાં દિવસ એટલે કે તા. ૧૪મી એપ્રિલ સુધી ચાલુ રાખવામાં આવશે તેવુ સોસાયટીના પ્રમુખ મહેન્દ્ર ગોસાઈનું કહેવું છે.

## તમામ ધર્મસ્થાનો બંધ કરી દેવાતા ગુરૂબ્રાહ્મણ સમાજ નિઃસહાય

ગાંધીનગર,તા.૨

ગુજરાત સહિત દેશભરમાં કોરોના કટોકટીના પગલે તમામ ધર્મસ્થાનો તથા ધાર્મિક કાર્યોને બંધ કરી દેવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ સ્થિતિમાં જેઓ માત્ર કર્મકાંડ તથા પૂજા-પાઠ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે તેવો અતિપછાત જાતિના ગુરૂબ્રાહ્મણ સમાજ સંપૂર્ણ નિઃસહાય બની ગયો હોવાનું જણાવતા દોતોર પરગણા ગુરૂબ્રાહ્મણ સમાજ પ્રગતિ મંડળ દ્વારા મુખ્યમંત્રી વિજય રૂપાણી સમક્ષ મદદની ધા નાંખવામાં આવી છે.

દોતોર પરગણા ગુરૂબ્રાહ્મણ સમાજ પ્રગતિ મંડળ દ્વારા મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી માત્ર કર્મકાંડ તથા પૂજાપાઠ કરી ગુજરાન ચલાવતા અતિ પછાત જાતિના ગુરૂબ્રાહ્મણ સમાજને રાજય સરકાર દ્વારા રોજ કમાઈને ગુજરાન ચલાવતા જરૂરિયાતમંદોની હાથ ધરવામાં આવેલા સર્વેમાં સમાવેશ કરી આ સમાજના પરિવારોને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ પ્રાપ્ત થઈ શકે તે માટે સહાય કરવા વિનંતી કરવામાં આવી છે.

## શોપીંગ ફેસ્ટિવલના તંબુ તાણેલા માથે પડયાં...!!



દર વર્ષે ઉનાળાના વેકેશન દરમિયાન શહેરના સેકટર-૬ના મેદાન તથા ઘ-૫ સર્કલ નજીક ઓપન એર થીએટર ખાતે વિવિધ પ્રકારના શોપીંગ ફેસ્ટિવલ એટલે કે પ્રદર્શન-કમ-સેલ જેવા નાના વેપાર મેળા યોજાતાં હોય છે અને તે શહેરીજનોમાં ખૂબ લોકપ્રિય પણ છે. જો કે આ વર્ષે કોરોના કટોકટીના પગલે આ તમામ શોપીંગ ફેસ્ટિવલ મોકુફ રાખવા પડયા છે. ઘ-૫ ખાતેના ઓપન એર થીએટર ખાતે તો એક શોપીંગ ફેસ્ટિવલના તંબુ સુધ્ધાં તણાઈ ચુકયા હતા પરંતુ અત્યારે તેના બે-ચાર કર્મચારીઓ સિવાય કોઈ ચકલું એ ફરકતું નથી.



કોરોનાનાં પગલે જરૂરિયાત વળી વ્યક્તિઓને નિઃશુલ્ક ભોજન અને ફૂડ પેકેટ આપવાનું સેવા કાર્ય ગાંધીનગર સેક્ટર-૧૨ સ્થિત આવેલ મુક્તાગૌરી ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત સ્વજનગૃહ ખાતે વ્યવસ્થા કરવામાં આવી રહ્યું છે. અહીંયા પ્રવર્તમાન પરિસ્થિતિમાં સવાર-સાંજ ૭૦૦ જેટલાં ટિફિન ફૂડ પેકેટ બનાવવામાં આવે છે અને જરૂરિયાતવાળા વ્યક્તિઓને પહોંચાડવામાં આવી રહ્યા છે. સાથે અહીં જ રોજ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓના સગાઓને અને ગરીબોને જમાડવામાં આવી રહ્યા છે.